બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૧૦૦

# ઉકેલપત્ર : સત્સંગ પ્રવીણ - ૨

(સમય : બપોરે ૨ થી ૫) (રવિવાર, ૪ જુલાઈ, ૨૦૧૦)

(વિભાગ - ૧ : કિશોર સત્સંગ પ્રવીણ, સાતમી આવૃત્તિ - જુલાઈ, ૨૦૦૭)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

☞ **નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. **"કાં તો તું ભગત ખોટો કાં ભગવાન ખોટા."** (૨૯/૮૭) કૃષ્ણજી - મૂળજીને
કૃષ્ણજીને મહારાજ માટે મનમાં એમ કે ભગવાન તો કેમ કહેવાય ? પણ મોટાપુરુષ ખરા. ત્યારે

૨. **"તમારું અને અમારું ક્યાં નોખું છે?"** (૧૯/૫૯) શેઠ - રાજાભાઈને
રાજાભાઈએ શેઠને પૂછ્યું : કેમ ! સંતોને માટે રસોઈની સામગ્રી આપણે ત્યાંથી લાવ્યા હતા ને ? ત્યારે

૩. **"જો જીવના કૃત્ય સામું જોઈએ તો કોઈ જીવનો મોક્ષ થાય નહિ."** (૭/૨૨)
શ્રીજીમહારાજ - અમૂલાબાઈને (જીવાખાચરના પુત્રીને) જીવાખાચરના અંત સમયે અમૂલાબાઈએ મહારાજને પ્રાર્થના કરતાં કહ્યું : ભાઈના કૃત્ય સામે ન જોતાં એને તમારા ધામનો અધિકારી બનાવજો. ત્યારે

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ ત્રણ વિષે કારણ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૯)**

૧. **શ્રીજીમહારાજે ભગુજીને સંડાસમાં ફાનસ મૂકવા મોકલ્યા. (૭/૨૧)** દાદાખાચર પ્રત્યે જીવાખાચરને ઈર્ષ્યા ભાવ અસહ્ય બનતાં શ્રીજીમહારાજને મારી નાખવા સુધીનો વિચાર તો આવ્યો અને અમલમાં પણ મૂક્યો. રોજના ક્રમ પ્રમાણે મહારાજ રાત્રે સંડાસ જાય ત્યારે સંડાસમાં રામ ખાચરને જમીન અને રોકડની લાલચ આપી ઉઘાડી તલવારે ઉભો રાખ્યો જેથી મહારાજ આવે કે તરત જ મારી નંખાય પણ તે દિવસે મહારાજ જાતે ફાનસ લઈને જવાને બદલે ભગુજીને સંડાસમાં મૂકવાનું કહ્યું. ભગુજી સમજ્યા નહિ. તેથી મહારાજે કહ્યું, 'ત્યાં કાંઈક કૌતુક છે.' ભગુજીએ સાવચેતીથી બારણું ખોલ્યું તો ત્યાં રામખાચરને ઉઘાડી તલવારે જોયા. રામખાચરે મહારાજ આગળ કબુલ્યુ 'હું તો નિર્દોષ છું. મેં તો જીવાખાચરના કહેવાથી આ કર્યું છે.' મહારાજે તેને માફી આપી છોડી મૂક્યો.

૨. **બંધિયાના વાણિયાઓએ શ્રીજીમહારાજની માફી માગી. (૨૮/૮૪)** બંધિયાના વાણિયા મહારાજને મળવા ગઢડા આવ્યા ત્યારે મહારાજે પોતાના ભક્તરાજ ડોસાભાઈના ખબર પૂછ્યા. ત્યારે વાણિયા કહે અમે તો ગળા સુધી વ્યવહારમાં ડૂબેલા છીએ પણ તમારા ડોસાભાઈ તો ચોટલી સુધી વ્યવહારમાં ડૂબેલા છે. તે ભગવાન ભજવા નવરા થતા જ નથી. તમારા સત્સંગી છે તેથી વખાણ કરો છો. ત્યારે મહારાજે કહ્યું : 'ડોસાભાઈને સાધુ કરીએ તો તમે સત્સંગી થશો ?' વાણિયાઓએ વિચાર્યું કે હમણાં ડોસાભાઈએ ગામની બધી જ વાડીના ગોળનું સાટું કર્યું છે તેથી આવો લાભ છોડી સાધુ થશે નહિ. તેથી મહારાજને હા પાડી. મહારાજે તેમને લગ્ન પતી ગયા પછી પાછા વળતાં મળવાનું કહ્યું. મહારાજે ભગુજીની સાથે સાધુનાં વસ્ત્રો અને ચિઠ્ઠી ડોસાભાઈ પર મોકલ્યાં. ડોસાભાઈએ ભગુજીને જોઈ દંડવત્ કર્યાં ને મહારાજની આજ્ઞા પૂછી. મહારાજની ચિઠ્ઠી વાંચી ડોસાભાઈએ ભગવાં વસ્ત્રો પહેરી લીધાં અને મહારાજ પાસે આવ્યા. આ બાજુ વાણિયાઓ પાછા વળતાં બંધિયા આવ્યા. મહારાજ પાસે સાધુના વેશમાં બેઠેલ ડોસાભાઈને જોઈને તેઓ આશ્ચર્ય પામ્યા અને ડોસાભાઈ વિષે ગમે તેમ બોલવા બદલ મહારાજની માફી માંગી.

૩. **શાંતિબાએ પટારાની અડધી રકમ શ્રીજીમહારાજની સેવામાં આપવાનો સંકલ્પ કર્યો. (૨૫/૭૫)** સુરા ખાચરના ઘરમાં ચોરોએ બાકોરું પાડીને તેમનો મોટો પટારો ચોરી ગયા. મહારાજે પોતાના ભક્તની અનન્ય રક્ષા કરી. પટારામાં એવું વજન મૂકી દીધું કે ચોરો ગામની ભાગોળેથી તેને આગળ લઈ જઈ શક્યા નહિ. અજવાળું થતાં લોકો જાગી જશે એ બીકથી પટારો ત્યાં જ છોડીને ચોરો ભાગી ગયા. સૌએ તપાસ કરી તો ખબર પડી કે આ તો સુરા ખાચરનો પટારો છે. સુરા ભક્તને આ વાતની ખબર પડી કે પટારો ચોરાયો છે અને પાછો પણ આવ્યો છે. તેથી તેમનાં ધર્મપત્ની શાંતિબાએ કહ્યુંઃ 'આપણો પટારો જવાનો જ હતો પણ શ્રીજીમહારાજની દયાથી તે પાછો મળ્યો છે તો સંકલ્પ કરીએ કે તેમાંથી અર્ધી રકમ મહારાજની સેવામાં વાપરવી.' શાંતિબાને શ્રીજીમહારાજ માટે અનન્ય ભક્તિ હતી. તેથી તેમણે સુરાભક્તને કહ્યું કે 'મહારાજને અહીં બોલાવી લાવો.' તેમની ઈચ્છા પટારાની અર્ધી રકમ મહારાજની સેવામાં આપવાની હતી.

૪. **શ્રીજીમહારાજે રામબાઈના ઘડામાં પોતાના ચરણ બોળ્યા. (૨૪/૭૩-૭૪)**
કઠલાલમાં રામબાઈ એકલા જ સત્સંગી હતા. એક દિવસ મહારાજ અને સંતમંડળ તેના ગામની ભાગોળેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે તે મહારાજ પાસે પહોંચી ગયા ને વિનંતી કરી કે 'મહારાજ, ગામમાં પધારો.' પરંતુ મહારાજને વરતાલ પહોંચવાની ઉતાવળ હતી તેથી તેમની મરજી જાણીને આગ્રહ મૂકી દીધો ને માથેથી પાણી ભરેલું બેડું ઉતારી સર્વેને ભાવથી

પાણી પાયું. મહારાજને કહ્યું, 'આપ આ પાણીના ઘડામાં પગ બોળો.' મહારાજે પૂછ્યું, 'તે પાણીનું તમે શું કરશો ?' ત્યારે તેમણે કહ્યું, 'આ ચરણામૃત હું થોડું પીશ અને બાકીનું ગામના કૂવામાં નાખીશ.' આ ગામમાં સત્સંગ નથી, પણ આ પ્રસાદીનું પાણી જાણે-અજાણે જે પીશે તેને સત્સંગના સંસ્કાર થશે; સત્સંગી થઈ આપનું ભજન કરશે.' પોતાના ઈષ્ટદેવની પાસે ભૌતિક સુખની માગણી ન કરતાં કેવળ 'સૌનું સારું થાય' એ ભાવનાનું ભગવાન સ્વામિનારાયણે આવા સ્ત્રી-હરિભક્તોમાં સિંચન કર્યું હતું. સુરાખાચર તથા સોમલાખાચર વગેરે કાઠી હરિભક્તોએ રામબાઈને કહ્યું : 'તમારાં ધન્યભાગ્ય છે કે તમે શ્રીજીમહારાજનો આવો મહિમા સમજો છો ને અચળ વિશ્વાસ ધરાવો છો.' શ્રીજીમહારાજે અત્યંત પ્રસન્ન થઈને પાણીમાં પગ બોળ્યા. ગામના જે ભાગમાં આ કૂવો છે ત્યાંના તમામ વંશજોમાં અદ્યાપિ પર્યંત સત્સંગ જળવાયો છે. ફક્ત પ્રસાદીનું પાણી પીધાનો કેવો અદ્ભૂત પ્રતાપ !

**પ્ર.૩ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

**૧. સંપ્રદાયના તીર્થો (૮/૨૨) અથવા**

**તીર્થોના ત્રણ પ્રકાર :-** તીર્થોની મહત્તા - ત્રણ પ્રકાર **(૧) નિત્ય તીર્થ:** સૃષ્ટિના પ્રારંભથી જે ભૂમિમાં દિવ્ય પાવનકારી ગુણો છે તેને યોગે કરીને તે નિત્ય તીર્થ કહેવાય દા.ત. કૈલાશ, માનસરોવર, ગંગા, યમુના, નર્મદા વગેરે આ તમામ સ્થાવર તીર્થ પણ કહેવાય. **(૨) ભગવદીય તીર્થ:** ભગવાનના અવતાર થયા હોય. તેમણે લીલા કરી હોય, ભક્તોને દર્શન આપ્યાં હોય તે ભગવદીય તીર્થ (ભગવાન સંબંધી) કહેવાય. ભગવાન નિત્ય, દિવ્ય, અપાકૃત, ચિન્મય છે. તેમનાં ચરણ સ્પર્શથી ભૂમિ દિવ્ય થઈ જાય છે. છપૈયા, અયોધ્યા, ગઢડા, લક્ષ્મીવાડી, વરતાલ, અમદાવાદ, ડભાણ, જેતલપુર, ધોલેરા, મૂળી, ભૂજ, જૂનાગઢ તથા સૌરાષ્ટ્ર, ગુજરાત અને કચ્છની પંચતીર્થી ભગવદીય તીર્થ કહેવાય. **(૩) સંત તીર્થ:** સંતને પરમાત્મા સાથે અખંડ સંબંધ છે. તેથી તેમના સંબંધમાં આવતી તમામ વસ્તુઓ તથા ભૂમિ પર તેનો પ્રભાવ પડે છે. અને તીર્થરૂપ બની જાય છે. એવા સંતની જન્મભૂમિ, સાધનાભૂમિ, નિર્વાણભૂમિ વિશેષપણે પવિત્ર ગણાય છે. આવા સંત જંગમતીર્થ કહેવાય છે. ભાદરા, મહુવા, મહેળાવ, ધારી, ચાણસદ, બોચાસણ, સારંગપુર, ગોંડલ, અટલાદરા, ગઢડા, અમદાવાદ, સાંકરી વગેરે સ્થળો ભગવત્ સ્વરૂપ સંતના સંબંધે તીર્થત્વ પામ્યા છે.

**૨. સંપ્રદાયનું શાસ્ત્ર : શ્રીહરિલીલાકલ્પતરું (૧૫/૩૬-૩૭)** શ્રી હરિલીલાકલ્પતરુ ગ્રંથની ઉત્પત્તિ ઐતિહાસિક છે. વરતાલ સમૈયે ગુણાતીતાનંદ સ્વામી રઘુવીરજી મહારાજના આસને સભા કરીને બેઠા હતા. વિદ્વાન સંતો, બ્રહ્મચારી પણ સાથે હતા. ત્યારે આચાર્ય રઘુવીરજી મહારાજની ગાદી ઉપર ચંપાના ત્રણ પુષ્પ હતાં. રઘુવીરજી મહારાજે શ્રીજીમહારાજની સર્વોપરિતાના પ્રચાર અંગે મર્મ કરતાં કહ્યું : 'કેટલાક આ ફૂલ સુધી પૂગે છે, કેટલાક આ ફૂલ સુધી પૂગે છે પણ આ ફૂલ સુધી તો કોઇ પૂગતું જ નથી.' ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ ત્રીજું ફૂલ લઈને વિદ્વાન બ્રહ્મચારી અચિત્યાનંદને આપી શ્રી હરિલીલાકલ્પતરુ ગ્રંથ લખવાની આજ્ઞા કરી. જે આચાર્ય રઘુવીરજી મહારાજના નામે પ્રસિદ્ધ છે. મહારાજના સર્વોપરીપણાના ચરિત્રોની દિવ્યલીલાનું ગાન આ ગ્રંથમાં કર્યું છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ભક્તિનો યથાર્થ ઉપદેશ આ ગ્રંથમાંથી મળે છે. મહારાજનું સર્વોપરીપણું લખવામાં કવિ સહેજે ખચકાયા નથી. આ ગ્રંથમાં બાર સ્કંધમાં વહેંચાયેલો છે અને તેમાં ૩૩,૦૦૦ શ્લોકો છે. મહારાજના મનુષ્યભાવ, દિવ્યભાવના લીલાચરિત્રોનું ગાન કરેલું છે. સાથે સાથે ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ છે તે વાત પણ કરી છે. સાહિત્યક્ષેત્રે બ્રહ્મચારી અચિંત્યાનંદજીએ પણ માઘની જેમ કૌશલ્ય દાખવ્યું છે. આ ગ્રંથનો છઠ્ઠો સ્કંધ શ્રીજીમહારાજનું હૃદય મનાય છે. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે આ ગ્રંથ છપાવવામાં સહાય કરી આ ગ્રંથનો મહિમા વધાર્યો છે.

**૩. સ્વયંપ્રકાશાનંદ સ્વામી (૨૦/૬૧) અથવા** બંગાળના એક નાના ગામમાં એક આશ્રમની ઓસરીએ એક રાત્રે તીર્થવાસીઓની પરસ્પર વાત - સોરઠમાં જીવન મુક્તા પ્રગટ થયા છે - સમાધિ કરાવી ધામમાં મોકલે છે - ત્યાંજ અતિશય પ્રકાશ છવાય છે - મહંતને વિચાર 'જેની વાતમાં આવો અદ્ભૂત પ્રતાપ તો તેમનામાં અપાર ઐશ્વર્ય હશે. વિચારીને દસ બાર ચેલા સાથે દ્વારિકાની યાત્રાએ નીકળ્યા. રસ્તામાં લોજ ગામમાં શ્રીજીમહારાજ સ્વયં ભિક્ષા આપતા હતા. તેમનાં દર્શનથી મહંતને સમાધિ - સમાધિમાં અનેક ધામોના દર્શન સાથે અક્ષરધામમાં મહારાજને દિવ્ય સિંહાસન પર અનંત કોટિ મુક્તો અપાર દિવ્ય ઐશ્વર્યશક્તિએ યુક્ત દર્શનથી શાંતિ. સમાધિમાંથી જાગી શ્રીજીમહારાજ પાસે આવ્યા. કહ્યું આપ સાક્ષાત પુરુષોત્તમ નારાયણ મને સેવામાં રાખો. તેમની પાસેની ૫૦૦ સોનામહોરો - ચેલાઓને આપી વિદાય કર્યા. તેઓ મહારાજ પાસે દીક્ષા - સ્વયંપ્રકાશાનંદ નામ પાડ્યું. તેઓ વૈરાગ્યની પરાકાષ્ઠાવાળા નિયમધર્મમાં પૂરા હતા. અનેક સ્થળે વિચરણ કરી સત્સંગ કરાવ્યો. સમાધિનિષ્ઠ હતા.મહારાજે ગ.અં.૨૪ વચનામૃતમાં તેમના નિશ્ચય ને મહાત્મયના અંગની ખૂબ પ્રસંશા કરી છે.

**૪. મછિયાવનાં ફઈબા (૭/૧૭)** મછિયાવ ગામનાં ફઈબાને તેમના દીકરાની વહુ સાથે અણબનાવ થયો હોવાથી તેને પિયર મોકલી દીધી હતી. વહુનાં માતા-પિતા સત્સંગી હોવાથી તેમણે શ્રીજીમહારાજને આ બાબત સમાધાન કરાવવા વિનંતી કરી. શ્રીજીમહારાજ બસો સંતો તથા હરિભક્તો સાથે મછિયાવ જવા નીકળ્યા. રસ્તામાં વહુનું ગામ મેલણા આવતું હોવાથી મહારાજે ત્યાં જઈને વહુને પૂછ્યું કે અમે કહીએ તેમ કરશો ત્યારે તેણે પોતાની સાસુ તથા શ્રીજીમહારાજ જેમ રાજી હોય તેમ કરવા

વચન આપ્યું. તેથી મહારાજ રાજી થયા ફઈબાએ મછિયાવમાં ખૂબ ભવ્યતાથી મહારાજનું સ્વાગત કર્યું શીરાપુરીની રસોઈ કરાવી હતી. મહારાજને ફઈબા ઘરમાં તેડી લાવ્યા. દાદર ચડતાં મહારાજે તેમને વહુને તેડાવવાની વાત કરી. ફઈબાએ તેનો તરત જ ઈન્કાર કરી દીધો. મહારાજને પૂર્ણપુરુષોત્તમ નારાયણ જાણતા હતાં છતાં સાસુ - વહુના ઝગડામાં તમને સમજ ન પડે તેમ કહી દીધું. શ્રીજીમહારાજને આ હઠ ન ગમી. તેથી છેલ્લે કહ્યું તમે અમારી વાત નહિ માનો તો અમે તથા સંતો હરિભક્તો જમ્યા વિના ચાલ્યા જઈશું. ત્યારે ફઈબાએ જણાવ્યું કે તમે ધણી છો ફાવે તે કરો પણ આ વાત નહિ બને. મહારાજ ફઈબાની આવી હઠ જોઈને નારાજ થઈ ગયા અને જમ્યા વિના સંતો સાથે મછિયાવથી ચાલી નીકળ્યા.

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૬)** **☞નોંધઃ અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. પદ્માસનધારી બ્રહ્માજી શા માટે નિંદાને પામ્યા ? (૧/૧)

જ. પદ્માસનધારી બ્રહ્માજી પણ કામથી વ્યાકુળ મનવાળા થઈ પોતાની જ પુત્રી સરસ્વતીને જોઈ મોહથી દુર્દશા અને નિંદાને પામ્યા.

૨. ગુણાતીતાનંદ સ્વામી વચનામૃત ગ્રંથ માટે શું કહે છે ? (૧૨/૩૩)

જ. ગુણાતીતાનંદ સ્વામી વચનામૃત ગ્રંથ માટે કહે છે કે વચનામૃત ગ્રંથ સિવાય બીજામાં માલ મનાય છે એ જ મોહ છે.

૩. રાજાભાઈએ પત્નીને પિયર મોકલવા કઈ યુક્તિ કરી ? (૧૯/૬૦)

જ. તમારા ભાઈ માંદા છે તો તરત આંહી આવી જાઓ તેવો પત્ર લખાવ્યો.

૪. નંદ રાજાએ કોને પ્રસન્ન કરીને હાડકું મેળવ્યું હતું ? (૨૭/૭૮)

જ. નંદ રાજાએ વરાહ ભગવાનને પ્રસન્ન કરીને હાડકું મેળવ્યું હતું.

૫. શ્રીજીમહારાજે દેવલોકને ભગવાનના ધામ આગળ કેવા કહ્યા છે ? (૩૧/૯૧)

જ. શ્રીજીમહારાજે દેવલોકને ભગવાનના ધામ આગળ મોક્ષધર્મને વિષે નરકતુલ્ય કહ્યા છે.

૬. શ્રીજીમહારાજને કયા આઠ સત્શાસ્ત્રો માન્ય છે ? (૧૨/૩૨)

જ. ચાર વેદ, વ્યાસસૂત્ર, શ્રીમદ્ભાગવત, મહાભારતને વિષે શ્રીવિષ્ણુસહસ્ત્રનામ, શ્રીમદ્ભગવદ્ગીતા, વિદુરજીએ કહેલી નીતિ, શ્રી વાસુદેવમાહાત્મ્ય, યાજ્ઞવલ્કય ઋષિની સ્મૃતિ આ આઠ સત્શાસ્ત્રો શ્રીજીમહારાજને માન્ય છે.

**પ્ર.૫ ગઢડા પ્રથમ પ્રકરણ - ૨૨ સ્મૃતિ વિના ગાયું તે ન ગાયા જેવું (૧૮/૫૫-૫૬) નિરૂપણ લખો. (કુલ ગુણ : ૫)**

**નિરૂપણ :** શ્રીજીમહારાજ કહે છે : કીર્તન ગાવવાં, ભજન કરવું, ધૂન તથા નામ રટણ કરવું તેમાં ભગવાનની સ્મૃતિ રાખીને કરવું, ભગવાનની સ્મૃતિ વિના ગાઈએ તો કદાચિત્ બાહ્ય આનંદ આવે, પણ શાંતિ થાય નહિ માટે સ્મૃતિ સહિત ક્રિયા કરીએ તેમાંથી શાંતિ અને સુખ બંને મળે છે. માત્ર ભજન કરીએ ત્યારે જ ભગવાનનું અનુસંધાન રાખવું તેમ નથી, જીવનની દરેક ક્રિયા કરતાં કરતાં ભગવાનમાં વૃત્તિ રાખવાનો પ્રયત્ન રાખવો. ભગવાનની સ્મૃતિ વિના જે જે ક્રિયા કરીએ તે બંધનરૂપ થાય છે. વળી, બીજી ક્રિયા કરતી વખતે ભગવાનનું અનુસંધાન ન રહે તો ભજનમાં બેસીએ ત્યારે પણ વૃત્તિ સ્થિર ન થાય ને ભજનમાં બેઠા છતાં પંચવિષયના કે જગત-વ્યવહારના સંકલ્પ થયા કરે અને ભજનનું સુખ પણ આવે નહિ. તેથી જ શ્રીજીમહારાજ આપણને આગ્રહપૂર્વક કહે છે કે બધી ક્રિયા ભગવાનને સંભારીને જ કરવી. ભગવાનને સંભારવા જઈએ તો ક્રિયા કેવી રીતે થાય ? એ શંકા કદાચ થાય, પણ જેમ માછલી પાણીમાં રહેવા છતાં ક્રિયા કરે છે તેવી રીતે શુભાશુભ ફળની ઈચ્છા રાખ્યા વિના ઈષ્ટદેવની પ્રસન્નતા અર્થે હું આ ક્રિયા કરું છું, એવું અનુસંધાન રહે એ અખંડ સ્મૃતિ જ છે. આ પ્રમાણે કરવામાં મુશ્કેલી જણાય, પણ ભગવાન અને સંતની કૃપાથી અને સતત અભ્યાસથી ભજન કરતાં કરતાં ક્રિયા કરવાની ટેવ પડે છે.

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ પાંચ સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ : - જવાબમાં આપેલાં અંક કોઈપણ રીતે લખેલા હોય તો પણ સંપૂર્ણ સાચું આપવું.**

**વિષય : જેતલપુરની ગણિકા (૧૧/૨૯)** જ. ૧, ૪, ૫, ૮, ૯

**પ્ર.૭ નીચે આપેલી પંક્તિ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૮)** **☞ નોંધ :- કીર્તન અડધું સાચું હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. વહાલા તારું રૂપ અનુપમ નાથ ઉદર શોભા ઘણી રે લોલ,
ત્રિવળી જોવું સુંદર છેલ આવોને ઓરા અમ ભણી રે લોલ,
વહાલા તારી નાભિ નૌતમ રૂપ, ઊંડી અતિ ગોળ છે રે લોલ,
કટિલંક જોઈને સહજાનંદ કે મન રંગચોળ છે રે લોલ, (૨૧/૬૫)

૨. પચરંગી પુષ્પનાં કંકણ કર વિષે, બાંયે બાજુબંધ પુષ્પ કેરાં,
ચરણમાં શ્યામને નેપુર પુષ્પનાં લલિત ત્રિભંગી શોભે ઘણેરાં.
અંગોઅંગ પુષ્પનાં આભરણ પહેરીને, દાસ પર મહેરની દૃષ્ટિ કરતા,
કહે છે મુક્તાનંદ ભજ દૃઢ ભાવશું, સુખ તણા સિંધુ સર્વકષ્ટ હરતા. (૬/૧૬)

૩. પછી બોલિયા શ્યામસુંદર, જાઓ આપ્યો તમને એ વર; મારી માયામાં નહિ મૂંઝાઓ, દેહાદિકમાં નહિ બંધાઓ.
મારી ક્રિયામાં નહિ આવે દોષ, મને સમજશો સદા અદોષ; એમ કહ્યું થઈ રળિયાત, સહુએ સત્ય કરી માની વાત. (૨૬/૭૮)

૪. સમરું પ્રકટ રૂપ સુખધામ અનુપમ નામને રે લોલ, જેને ભવ-બ્રહ્માદિક દેવ ભજે તજી કામને રે લોલ.
જે હરિ અક્ષરબ્રહ્મ આધાર પાર કોઈ નવ લહે રે લોલ, જેને શેષ સહસ્ત્રમુખ ગાય નિગમ નેતિ કહે રે લોલ. (૨૧/૬૩)

**પ્ર.૮ નીચે આપેલા જનમંગલનામાવલિ / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ :- જનમંગલનામાવલિ / અષ્ટક / શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. ઘનશ્યામાય નમઃ, ધાર્મિકાય નમઃ, ભક્તિનંદનાય નમઃ, બ્રૃહદવ્રતધરાય નમઃ, શુદ્ધાય નમઃ, રાધાકૃષ્ણેષ્ટ દૈવતાય નમઃ, મરુત્સુતપ્રિયાય નમ :, કાલીભૈરવાદ્યતિભીષણાય નમ : (૧૫/૪૬)

૨. बाह्यान्तरिन्द्रियगणस्वसनाधिदैव-वृत्त्युद्भवस्थितिलयानपि जायमानान् ।
स्थित्वा ततः स्वमहसा पृथगीक्षमाणं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये॥ (૯/૨૫)

૩. ગુજરાતી ભાષાંતર : કામાર્ત, ચોર, નટ, વ્યસની અને દ્વેષીજનો પોતાનું ધાર્યું કામ સિદ્ધ કરવા જેમ પોતાનું ચિત્ત હંમેશાં તેમાં પરોવે છે અર્થાત્ તેનું અખંડ ચિંતવન કર્યા જ કરે છે, તેમ નારાયણનું જે પ્રેમપૂર્વક અખંડ સ્મરણ કરે છે તે શ્રી ભક્તિ તથા ધર્મના પુત્ર ! આપને હું શરણે જાઉં છું. (૯/૨૬)

**(વિભાગ - ૨ : ગુણાતીતાનંદ સ્વામી, આઠમી આવૃત્તિ, ડિસેમ્બર - ૨૦૦૮)**

**પ્ર.૯ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ - ૧, કોને કહે છે - ૧ ગુણ, ક્યારે કહે છે - ૧ ગુણ.**

૧. **"છીપર તળે હાથ આવ્યો હોય તો તે કળે કળે કાઢીએ" (૫/૧૫)** મહારાજ - મૂળજીને
મૂળજીએ મહારાજને કહ્યું : મારે ઘેર જવું નથી ને આપની સેવામાં અખંડ રહેવું છે. ત્યારે તેમને સમજાવતાં મહારાજ કહે છે.

૨. **"જેણે મહારાજને જોયા હોય તેને સાંભરે" (૫૦/૮૦)** કાશીરામ - સ્વામીને
વંથળીને મારગે ચાલતાં સ્વામી બોલ્યા કે 'આ રસ્તે જ્યારે જ્યારે નીકળીએ છીએ ત્યારે મહારાજ સાંભરે છે. ત્યારે

૩. **"અમે તો શાસ્ત્રનાં પોથાંને અધ્ધર લટકાવી રાખીએ છીએ"** (૩૧/૫૩) મુંજો સૂરુ - સ્વામીને (ગુણાતીતાનંદ સ્વામીને)
સ્વામીએ કેટલીક દારૂ-માંસના નિષેધની વાત મુંજો સુરુને કરી ત્યારે કહે છે.

**પ્ર.૧૦ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ ત્રણ વિષે કારણ લખો. (નવેક લીટીમાં) (કુલ ગુણ : ૯)**

**૧. ગુણાતીતાનંદ સ્વામીની બ્રહ્મસ્થિતિની મુક્તાનંદ સ્વામીએ ઘણી પ્રશંસા કરી. (૮/૨૧)**

એક રાત્રે મુક્તાનંદ સ્વામી કથામાં ઇન્દ્રિયો કેટલી બધી ચંચળ છે તે અંગે વાત કરતા હતા. 'ઈન્દ્રિયો આપણને હંમેશા છેતરે છે. સામેના મકાનમાં એક નીલ વાંદરો છે. તે તરફ આપણે દૃષ્ટિ કરવાની જરૂર નથી છતાં આપણામાંથી કોઈપણ એ વાંદરો જોયા વગર નહી રહ્યા હોઈએ, મારી પણ એક વાર એ વાંદરા તરફ નજર ગઈ છે. પરંતુ જેણે પણ એ વાંદરો જોયો ન હોય તે ઊભું થાય.' ત્યારે બસ્સો સંતોમાંથી ફક્ત એક ગુણાતીતાનંદ સ્વામી હાથ જોડી ઊભા થયા તે જોઈને આખી સભા સ્તબ્ધ થઈ ગઈ. મુક્તાનંદ સ્વામી અતિ આશ્ચર્ય પામ્યા અને કહ્યું, 'બસો સાધુમાં તમે જ એક વૃત્તિના નિરોધવાળા નીકળ્યા.' સ્વામીને અખંડ અંતર્દષ્ટિ રહેતી હોવાથી મહારાજની મૂર્તિ સિવાય તેમના અંતરમાં બીજું કાંઈ હતું નહિ. સ્વામીની આવી સ્થિતિ જોઈ મુક્તાનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીની ઘણી પ્રશંસા કરી.

**૨. મોટાપુરુષમાં વિશ્વાસ આવવો બહુ કઠણ છે. (૪૪/૭૧)**

જૂનાગઢમાં કથામાં એક વખત સ્વામીએ કહ્યું : આ સમયે સત્સંગમાં એવી વાતો થાય છે જે જીવ બ્રહ્મરૂપ થઈ જાય. તે સાંભળી જાગા ભક્તે પૂછ્યું કે જીવ બ્રહ્મરૂપ કેમ થતો નથી. ત્યારે સ્વામીએ કહ્યું : હેતે કરીને સત્પુરુષમાં જીવ બાંધ્યો નથી અને જીવ બાંધ્યો હોય તો તેનો વિશ્વાસ ન આવે અને વિશ્વાસ હોય તો નિષ્કપટપણે વર્તાય નહિ. જો હેત અને વિશ્વાસ હોય અને નિષ્કપટપણે વર્તે, તો જીવ બ્રહ્મરૂપ થયા વિના રહે નહિ. ત્યારે જાગા ભક્તે પૂછ્યું હેત હોય તો પણ વિશ્વાસ કેમ ન હોય ? ત્યારે સ્વામીએ કહ્યું : આ જલા ભક્તને અમારે વિષે હેત ઘણું પણ હું કહું એમ ન કરે. તે એક વખત રઘુવીરજી મહારાજે રમૂજમાં કહ્યું હતું જે ગુણાતીતાનંદ સ્વામીને હવે વરતાલ રાખવા છે. તે સાંભળીને જલા ભક્ત પોક મૂકીને રડ્યા હતા. પરંતુ તે સાવરણો ને સુંડલો લઈ મંદિરમાં સેવા કરતા હોય ને સ્વામી કહે કે આ પડયું મૂકો ને ભજન કરો, તો એ વચન સ્વામીનું ન માને. આમ, મોટાપુરુષમાં વિશ્વાસ આવવો બહુ કઠણ છે.

**૩. બાઉદ્દીન રંકમાંથી રાજા થયો. (૩૭/૬૩)**

શિયાળાની એક સાંજે સ્વામી, શ્રીજીમહારાજના પ્રસાદીના નારાયણ ધરે સંત- હરિભક્તો સાથે સ્નાન કરીને પાછા ફરતા હતા ત્યારે ઠંડીનો ચમકારો હોવાથી સ્વામીને ખૂબ ઠંડી લાગી. તેથી તાપવાની ઇચ્છા થઈ. થોડે દૂર રસ્તા પર મુસલમાન કઠિયારો તેની મા સાથે લાકડાની ભારી બાંધીને બેઠો હતો. ભગતે સ્વામીને ટાઢ ચડી હોવાથી તાપવા માટે લાકડાની માંગણી કરી. બાઈએ ઓલિયા જેવા ફકીર માટે આખી ભારી દીકરા પાસેથી અને પોતાનામાંથી બે ઈંધણાં આપ્યાં. ફકીરની દુઆ

મેળવવાની ઈચ્છા. સ્વામી રાજી થયાં. હવે તેને લાકડાં, કાપવાં નહિ પડે. થોડીવારે સ્વામી મંદિરે પરત આવ્યા. આ કઠિયારો બાઉદ્દીન તેની બહેન સાથે બજારમાં નીકળ્યો ત્યારે નવાબની સવારી નીકળી હતી. નવાબને બહેનનું રૂપ જોઈ નિકાહ પઢવાની ઈચ્છા થઈ. દરબારમાં બોલાવી વાત કરી. માની સંમતિથી બાઉદ્દીને નવાબ સાથે બહેનને પરણાવી નવાબનો ખાનગી કારભારી અને દીવાન બન્યો. સ્વામીના આશીર્વાદથી જ પોતાની ઉન્નતિ થઈ તેનો ખ્યાલ રાખી મંદિરે દર્શને આવતા ને રસોઈ આપતા, સંતોની સેવા કરતા. આમ સ્વામીની દૃષ્ટિથી બાઉદ્દીન રંકમાંથી રાજા થયો.

૪. **સ્વામીએ નિશ્ચય કર્યો કે મહારાજના મહિમાની વાતો કરવી. (૧૧/૨૬)** એકવાર ગઢડામાં સ્વામીએ મહારાજને ચાર પ્રશ્નો પૂછયા. ભગવાનનું અખંડ ધ્યાન કરવું, આત્મારૂપે વર્તવું, માંદાની સેવા કરવી અને વાતો કરવી - આ ચાર સાધનમાં ક્યું સાધન શ્રેષ્ઠ છે ? આ પ્રશ્ન મહારાજે સૌ સંતોને પૂછયો. સૌએ પોતાની રૂચિ પ્રમાણે જવાબ આપ્યો. છેલ્લે મહારાજે પોતાનો અભિપ્રાય આપ્યો કે 'વાતો કરવી શ્રેષ્ઠ છે.' પહેલાં ત્રણ સાધન માત્ર પોતાના કલ્યાણ માટે જ છે જ્યારે છેલ્લો ઉપાય શ્રોતા અને વક્તા બંને માટે કલ્યાણકારી છે. માટે સ્વામીએ નિશ્ચય કર્યો કે મહારાજના મહિમાની વાતો કરવી.

**પ્ર.૧૧ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

૧. **ભક્તવત્સલ (૩૫/૬૦)** સ્વામી જૂનાગઢમાં બિરાજતા હતા. ત્યારે દેશ-દેશના હરિભક્તો દર્શને આવ્યા. આખાના બ્રાહ્મણ મૂળજી શ્રોત્રિય સ્વામી પાસે આવ્યા. સ્વામીએ અંતર્યામીપણે ખબર પૂછયા. તેમણે દીકરા વાલજીનાં લગ્નની વાત કરી. સ્વામીએ એક સાલ થોભી જવા કહ્યું. મૂળજીની પણ એ જ ઇચ્છા હતી. વેવાઈના દબાણથી વાલજીનાં લગ્ન કરવાં પડ્યાં. સ્વામીને વાત કરી. સ્વામી નારાજ થયા પણ કહ્યું કે વાલજીને શેરડીના વાઢે ચીચોડો ફરતો હોય ત્યાં જવા ન દેતા. મૂળજીએ ઘેર જઈ વાલજી વાઢે ન જાય તે કાળજી રાખવા માંડી. ભગવાનને કરવું ને ચિંચોડો બંધ થવાનો હતો તેને આગલે દિવસે વાલજી મિત્રો સાથે ખેતરે ગયો. એનો બાપ મૂળજી બહારગામ ગયો હતો. વાલજી ચિંચોડા પાસે જઈ શેરડી નાખવા લાગ્યો. અચાનક તેનો હાથ ચિંચોડામાં આવી ગયો. ત્યાં જ બેભાન થઈ ગયો અને દેહ પડી ગયો. સ્વામી તો ભક્તવત્સલ હતા તેથી આ પ્રમાણે કાળજી રાખવા કહ્યું પણ સ્વામીના વચનની અવજ્ઞા કરી તેનું પરિણામ સૌએ જોયું. સ્વામી ફરતાં ફરતાં થાણાગાલોલ પધાર્યા. સ્વામીએ ગામને પાદર આવી ગામના હરિભક્ત જસા ભગતને બોલાવ્યા. સ્વામીને પગે લાગી દંડવત કરી, દિલગીરીપૂર્વક પોતાની મૂંઝવણ વ્યક્ત કરતાં જણાવ્યું, 'ગોપાળાનંદ સ્વામીએ આ ગામ છોડવાની મને ના પાડી હતી. કારણ આ રસ્તાનું ગામ છે. તેથી આવતા-જતા સાધુ સંતોની સેવા થાય. પરંતુ હાલમાં મારો વ્યવહાર દૂબળો થઈ ગયો છે.' સ્વામીએ દૂબળા વ્યવહારનું કારણ આપતાં જણાવ્યું કે, 'તમે સમૈયે આવતા નથી, ધર્માદો આપતા નથી તેથી આ દુઃખ આવ્યું છે.' પછી સ્વામીએ તેમને તેમના ઘરમાંથી થોડા દાણા અને કપડું લાવવાં કહ્યું. જસા ભગત સીધું અને કપડું લાવ્યા. કપડાંનો ગળણા તરીકે ઉપયોગ કર્યો. સીધામાંથી સંતોએ દાળ રોટલા બનાવ્યા તે સ્વામી જમ્યા પછી તેમને ખેતરે પધારી જમીન પાવન કરી બોલ્યા, 'આ તો કાચું સોનું છે પણ ઠાકોરજીનો વીસમો ભાગ કાઢજો. મહારાજની અણીશુધ્ધ આજ્ઞા પાળજો અને સમૈયે આવતા રહેજો.' આમ ભક્તવત્સલ સ્વામી હરિભક્તોના વ્યવહારની ખબર રાખતા સાથે સાથે તેમને ધર્મ નિયમમાં પણ વર્તાવતા. દેશકાળે હરિભક્તો કદાચ પાછા પડે પણ દયાળુ સ્વામી સૌને સાચવી લેતા.

૨. **'જીવની અવળાઈ' (૪૧/૬૬)** સ્વામીના સમાગમથી કેટલાય હરિભક્તોને વૈરાગ્યની ચટકી ચડી જતી. સંસાર ઝેર જેવો લાગતો. ભાયાવદરના હંસરાજ પટેલનો દીકરો વસ્તો સ્વામીનો સમાગમ કરવા જૂનાગઢ આવતો. તે સ્વામીની વાતોમાં લીન થતાં મુખ પર દિવ્ય આનંદ છવાઈ જતો. પણ સ્વામી તેને ભાયાવદર પાછો મોકલી દેતા. વળી પાછો જૂનાગઢ આવી જતો. એકવાર તેના પિતા તેને લેવા જૂનાગઢ આવ્યા. વસ્તાએ ઘેર જવાની ના પાડી. તેને સાધુ થવું હતું. પણ હંસરાજભાઈએ સાધુ થવાની ના પાડી. વસ્તાને પરાણે ઘેર લઈ ગયા. આ વખતે હંસરાજભાઈએ વસ્તાના બે પગ લાકડાની હેડ્યમાં બાંધી રાખ્યા ને ઓરડાને તાળું મારી પૂરી દીધો. વસ્તો સ્વામિનારાયણ ભજન કરવા લાગ્યો. સ્વામી ત્યાં પ્રગટ થયા. તેણે સ્વામીને જૂનાગઢ લઈ જવા વિનંતી કરી. સ્વામીની દૃષ્ટિથી તે નિરાવરણ બની ગયો. સ્વામીની પાછળ ચાલવા લાગ્યો. સવારે જૂનાગઢ સ્વામીને પ્રત્યક્ષ જોઈને દંડવત્ કર્યા. મંદિરની સેવા કરવા લાગ્યો. સવારે હંસરાજભાઈએ ઓરડો ખોલ્યો. તે હેડ્ય વાસેલી પડેલી પણ વસ્તો નહિ. તે જૂનાગઢ સ્વામી પાસે આવ્યા. સ્વામીએ સમજાવ્યા પણ માન્યા નહિ અને વસ્તાને ઘેર લઈ જવાનો જ આગ્રહ રાખ્યો. આખી રાત ધાણી ફૂટે તેવો તાવ આવ્યો અને સવારે વસ્તાએ દેહ મૂકી દીધો. હંસરાજ પટેલ વીલે મોઢે ઘેર પાછા આવ્યા.

૩. **બજારના કાંટા (૩૬/૬૧)** એક વખત સ્વામી વાડીએ પધાર્યા હતા. વસોના વાઘજીભાઈ, સારંગપુરના જેઠાખાચર, લોધિકાના અભયસિંહ દરબાર વગેરે સ્વામીનાં દર્શન કરવા આવ્યા અને દંડવત્ કરવા લાગ્યા. તે વખતે કોઈએ કહ્યું : ''રહેવા દો કાંટો વાગશે.'' ત્યારે સ્વામી બોલ્યા : ''આ કાંટા વાગશે તો સોય અથવા નરણીએ કરીને કઢાશે પણ ઓલ્યા બજારના કાંટા બહુ ભૂંડા. એ જો વાગે તો એને કાઢવાનો કોઈ ઉપાય જ નથી.'' ત્યારે એક હરિભક્તે પૂછયું : ''બજારમાં કાંટા ક્યાંથી હોય ?'' ત્યારે સ્વામીએ હસીને કહ્યું : ''તને એ બજારના કાંટાની ખબર ન પડે. એ બજારમાં તો રૂપનો કાંટો આંખમાં, ગાનતાનનો કાંટો કાનમાં, પાપી જીવના સ્પર્શનો કાંટો ત્વચામાં, પાપી જીવની ગંધનો કાંટો નાકમાં, સંકલ્પ-વિકલ્પનો કાંટો મનમાં, નાના પ્રકારના ટીખળ પેસી ગયાં હોય તેના ચિંતવનના કાંટા ચિત્તમાં, તે ટીખળના પદાર્થોના નિશ્ચયરૂપ કાંટા બુદ્ધિમાં - એમ અનેક પ્રકારના કાંટા છે.''

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. સ્વામીએ કારિયાણીમાં કેટલા બિમાર સંતોની સેવા કરી ? (૧૨/૨૭)

જ. સ્વામીએ કારિયાણીમાં ઓગણીસ બીમાર સંતોની સેવા કરી.

૨. ગુણાતીતાનંદ સ્વામીની સેવાથી રાજી થયેલા દેવાનંદ સ્વામી કઈ બે વસ્તુ કરવા તૈયાર થયા ? (૧૭/૩૨)

જ. ગુણાતીતાનંદ સ્વામીની સેવાથી રાજી થયેલા દેવાનંદ સ્વામી મહારાજની પ્રસાદીની ડગલી આપવા અને ગાનવિદ્યા શીખવવા તૈયાર થયા.

૩. રામાનંદ સ્વામીએ ભોળાનાથને શું આશીર્વાદ આપ્યા ? (૧/૨)

જ. આ બાળક આત્માનંદ સ્વામીના આશીર્વાદ પ્રમાણે સરવાર દેશમાં પ્રગટેલા પૂર્ણ પુરુષોત્તમ નારાયણના ધામરૂપ સાક્ષાત્ અક્ષરનો અવતાર છે અને એ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન તમારે ઘેર જરૂર પધારશે.

૪. જૂનાગઢમાં મંદિર કરવા માટે જમીન કોણે આપી ? (૨૨/૪૦)

જ. જૂનાગઢમાં મંદિર કરવા માટે જમીન પંચાળાના ઝીણાભાઈ દરબારે આપી.

૫. ગુણાતીતાનંદ સ્વામીએ ગ્રંથિઓ ગાળવાનો કોલ કોને આપ્યો ? (૩૨/૫૭)

જ. ગુણાતીતાનંદ સ્વામીએ ગ્રંથિઓ ગાળવાનો કોલ રઘુવીરજી મહારાજને આપ્યો.

૬. સૂર્યનો અવતાર કોણ કહેવાતું ? (૪૭/૭૫)

જ. સૂર્યનો અવતાર વાઘાખાચર કહેવાતા.

**પ્ર.૧૩ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ <u>એક</u> પ્રસંગ ટૂંકમાં વર્ણવી ભાવાર્થ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- ભાવાર્થ મૌલિક રીતે લખવાનો હોવાથી અહીં તેનો જવાબ આપેલ નથી. પરીક્ષકે વિષયને અનુરૂપ ભાવાર્થ છે કે નહીં તે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. પ્રસંગ વર્ણનનાં ૩ ગુણ અને ભાવાર્થનો ૧ ગુણ.**

**૧. સેવા કરે તે મહંત (૪૩/૬૮)** સ્વામી જૂનાગઢમાં બિરાજતા હતા. એકવખત મંદિરમાં તેઓ વાસીદું વાળતા હતા. તે વખતે ત્યાં તરણેતરના મહંત આવ્યા. સ્વામીને તેમણે પૂછ્યું, 'આ જગાના મહંત કોણ છે ?' સ્વામીએ નમ્રતાથી કહ્યું, 'મહંત અંદર ગાદી ઉપર બેઠા હશે.' એમ કહી હાથ-પગ ધોઈ સભા મંડપમાં પધાર્યા. તરણેતરના મહંતને સ્વામીને જોઈને ખૂબ નવાઈ લાગી. તેમણે પૂછ્યું, 'તમે તો હમણાં વાસીદું વાળતા હતા તે તમે જ મહંત છો ?' સ્વામીએ હસતા હસતા કહ્યું, 'અમારે ત્યાં જે સેવા કરે તે જ મહંત હોય છે.' પછી ખીંટીએથી ઝોળી ઉતારીને મહંતને બતાવી. તિલકિયું અને પત્તર લાકડાના જ હતા. તે મહંતને ખૂબ નવાઈ થઈ કે મહંત થઈને આવી સેવા કરતા હશે ? આમ સ્વામી મહંત હોવા છતાં નીચામાં નીચી સેવા કરતા. **ભાવાર્થ :-**

**૨. બેટીકા બાપ ! મહારાજકુ ક્યું પકડા હૈ ? છોડ દો. (૨૧/૩૯)** ગુણાતીતાનંદ સ્વામી વરતાલના ગોમતી તળાવમાં અઢાર માંદા સાધુની ગોદડીઓ ધોઈને આવતા હતા. સાજા સાધુઓએ પણ ગોદડીઓ ધોવા આપેલી. સ્વામીને ખભે ખૂબ ભાર હતો અને પરસેવો થયો હતો. મહારાજને સ્વામી સાથે અખંડ એકતા હતી તેથી તે ભાર અને પરસેવો મહારાજને લાગતો હતો. મહારાજે કહ્યું, 'સંતો ! તમે આ ગુણાતીતાનંદ સ્વામીના ઉપલ્યા ગુણ જાણો પણ જેમ સાણસામાં સાપ પકડે તેમ અમારી મૂર્તિને ત્રણે અવસ્થામાં એમણે ઝાલી રાખી છે એવા એ સમર્થ સાધુ છે.' ત્યારે મહાનુભાવાનંદ સ્વામી મહારાજનું કહેવાનું સમજ્યા નહીં અને સ્વામીને કહે છે. બેટીકા બાપ ! મહારાજકુ ક્યું પકડા હૈ ? છોડ દો. **ભાવાર્થ : -**

**૩. ચીંથરે વીંટેલ રતન (૩૩/૫૮)** સંવત ૧૯૧૩ની સાલમાં કાર્તિકી પૂનમનો સમૈયો વરતાલમાં કરી ગુણાતીતાનંદ સ્વામી ખંભાતના કોઠારી અંબાવીદાસ અને હરિભક્તોના આગ્રહથી ખંભાત પધાર્યા. સૌ હરિભક્તો નવાબ સાહેબનો રૂપાનો મ્યાનો લાવીને વાજતે-ગાજતે સ્વામીનું સ્વાગત કરવા આવ્યા. સ્વામીને રૂપાના મ્યાનામાં બેસવાનો આગ્રહ કર્યો, પરંતુ સ્વામીએ ના પાડી. હરિભક્તોએ આગ્રહ કરતાં કહ્યું, 'આપ જો નહિ બેસો તો હિંદુ ઉપર નવાબને અભાવ છે તે વધશે અને આપ જેવાનો અવગુણ આવશે.' સ્વામીએ જવાબ આપ્યો : 'અવગુણ આવવો ન આવવો એમના હાથમાં નથી. પણ અમે બેસીશું નહિ.' પછી સ્વામી સિગરામમાં બેઠા ત્યારે નગરજનો સ્વામીના દર્શન કરીને બોલતા કે 'જોગી મોટા દેખાય છે. પણ ફાટેલ ગોદડી તેમને શોભવા દેતી નથી.' આ સાંભળી સ્વામી હસવા લાગ્યાને પાસે ચાલતા હરિજનોને કહ્યું. 'આ તો ચીંથરે વીંટેલ રતન છે.' નવાબને પણ જાણ થઈ કે સ્વામી મ્યાનામાં બેઠા નથી ને સિગરામમાં બેઠા છે તેથી તેણે પૂછ્યું, 'એવા એ કોણ છે ? ક્યાંના છે ?' ત્યારે કોઈકે કહ્યું, 'એ તો જૂનાગઢના ગિરનારી સિદ્ધ અને બડા સમર્થ ઓલિયા પુરુષ છે.' તે સાંભળી નવાબ પણ ઉત્કંઠાથી સ્વામીનાં દર્શને આવ્યા. નવાબ સાહેબ રાજી થઈને સ્વામીનાં ચરણોમાં નમી પડ્યા. આમ, સ્વામીની નિર્માનીતાથી નવાબ સાહેબને અવગુણ આવવાને બદલે ગુણ આવ્યો ને સંતોને સૂતરફેણીની રસોઈ આપીને સ્વામીને ઘણા રાજી કર્યા. **ભાવાર્થ:-**

**પ્ર.૧૪ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૨, ૩ (૨૭/૪૭) **૨.** ૧, ૪ (૧૧/૨૬) **૩.** ૩, ૪ (૩૪/૫૯) **૪.** ૧, ૩ (૪૦/૬૬)



❑ ❑ ❑